પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૯૬ | ૭ જાન્યુઆરી, ૨૦૨૦, મંગળવાર; પોષ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દિલ્હીમાં ૮મી ફેબ્રુઆરીએ મતદાન : ૧૧મીએ પરિણામ

## ચૂંટણીનો કાર્યક્રમ

- જાહેરનામુ ૧૪મી જાન્યુઆરીના દિવસે જારી કરવામાં આવશે
- નામાંકન અથવા તો નામ દાખલ કરવાની છેલ્લી તારીખ ૨૧મી જાન્યુઆરી રહેશે
- ઉમેદવારી ચકાસણીની પ્રક્રિયા ૨૨મી જાન્યુઆરી રહેશે
- નામ પરત લેવા માટેની અંતિમ તારીખ ૨૪મી જાન્યુઆરી રહેશે
- ચૂંટણી માટે મતદાન ૮મી ફેબ્રુઆરીના દિવસે એક તબક્કામાં થશે
- દિલ્હીમાં ચૂંટણીના પરિણામ ૧૧મી ફેબ્રુઆરીના દિવસે જારી થશે

## દિલ્હીમાં માત્ર એક જ તબક્કામાં વિધાનસભાની ૭૦ બેઠકો માટે ચૂંટણી યોજાશે : ઉમેદવારી માટે છેલ્લી તારીખ ૨૧મી જાન્યુઆરી : કાર્યક્રમ જાહેર થતાં આચારસંહિતા અમલી

નવી દિલ્હી, તા. ૬

જેની ઉત્સુકતાપૂર્વક રાજકીય વર્તુળોમાં રાહ જોવામાં આવી રહી હતી તે દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે આજે રણશિંગુ ફુંકાઈ ગયું હતું. દિલ્હીમાં ૮મી ફેબ્રુઆરીના દિવસે એક જ તબક્કામાં મતદાન થશે અને ૧૧મી ફેબ્રુઆરીના દિવસે પરિણામ જાહેર કરાશે. મુખ્ય ચૂંટણી કમિશનર સુનિલ અરોરા દ્વારા આજે કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી હતી. ચૂંટણી એક જ તબક્કામાં યોજાનાર છે. આના માટે ૧૪મી જાન્યુઆરીના દિવસે જાહેરનામુ જારી કરવામાં આવશે. ચૂંટણી કાર્યક્રમની જાહેરાત થતાંની સાથે જ આચારસંહિતા તાત્કાલિક ધોરણે અમલી બની ગઈ છે જેથી દિલ્હીમાં હવે કોઈ પોલિસી સંબંધિત નિર્ણય લઈ શકાશે નહીં.

નોમિનેશનની અંતિમ તારીખ ૨૧મી જાન્યુઆરી રહેશે. નામ પરત લેવા માટેની અંતિમ તારીખ ૨૪મી જાન્યુઆરી રાખવામાં આવી છે. મુખ્ય ચૂંટણી કમિશનરે માહિતી આપતા કહ્યું છે કે, તમામ ૭૦ સીટો ઉપર મતદાન થનાર છે. આના માટે ૨૬૮૯ જગ્યા પર મતદાન થનાર છે. આના માટે કુલ ૧૩૭૫૭ પોલિંગ બુથ બનાવવામાં આવ્યા છે. મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું છે કે, દિલ્હીમાં આજે એક કરોડ ૪૭ લાખ મતદારો છે. ચૂંટણી વ્યવસ્થામાં ૯૦૦૦૦ કર્મચારીઓને તૈનાત કરવામાં આવશે. ચૂંટણી આચારસહિતા અમલી કરી દેવામાં આવી છે. દિલ્હી વિધાનસભામાં અવધિ ૨૨મી ફેબ્રુઆરીના દિવસે પૂર્ણ થનાર છે. [

નયમ મુજબ તે પહેલા ચૂંટણી પૂર્ણ કરાવીને નવી વિધાનસભાની રચના કરવાની રહેશે. મુખ્ય ચૂંટણી કમિશનરે કહ્યું છે કે, ચૂંટણી માટે તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે.



# કેજરીવાલની સરકારે માત્ર વચન આપ્યાં : અમિત શાહ

નવીદિલ્હી, તા. ૬

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી માટે કાર્યક્રમ જાહેર થયા બાદ આક્ષેપ પ્રતિઆક્ષેપોનો દોર શરૂ થઈ ગયો છે. કાર્યક્રમ જાહેર થયા બાદ આજે પણ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દિલ્હી સરકાર ઉપર આકરા પ્રહાર કર્યા હતા. અમિત શાહે કહ્યું હતું કે, છેલ્લા ૬૦ મહિનાના ગાળામાં આમ આદમી પાર્ટીની સરકારે માત્ર વચનો જ આપ્યા હતા. હવે અંતિમ ત્રણ મહિનામાં જનતાના વિકાસના પૈસાને પોતાની ઘોષણાઓ માટે જાહેરાતો પર ખર્ચ કરવામાં આવી રહ્યા છે. દિલ્હીમાં આજે પણ લોકો ફ્રી વાઈફાઈ, ૧૫ લાખ સીસીટીવી કેમેરા, નવા કોલેજો અને હોસ્પિટલની રાહ જોઈ રહ્યા છે. અમિત શાહે



વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું હતું કે, લોકશાહીના આ મહાપર્વના માધ્યમથી દિલ્હીની પ્રજા તેને પાંચ વર્ષ સુધી સતત ગેરમાર્ગે દોરનાર અને તેમને માત્ર વચનોમાં બાંધી રાખનાર આમ આદમી પાર્ટીને પરાજીત કરી ભાજપને તક આપશે. વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં દિલ્હીની પ્રજાની અપેક્ષાઓને પૂર્ણ કરનાર સરકારની પસંદગી કરશે. અમિત શાહે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરાયા બાદ આનુ સ્વાગત કરતા કહ્યું હતું કે, આ ચૂંટણી દિલ્હીને વિકાસમાં અગ્રણી બનાવવા માટેની આધારશીલા મુકશે. દિલ્હીની પ્રજા વધુને વધુ સંખ્યામાં મતદાન કરીને નવા રેકોર્ડ સર્જશે તેમ તેઓ માને છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, અમે દિલ્હીને રહેવા માટે વધુ શ્રેષ્ઠ સ્થળ બનાવવા પ્રયાસ કરીશું.

## દિલ્હીમાં ભાજપ, કોંગ્રેસ અને એએપી વચ્ચે ત્રિકોણીયો જંગ

### ૭૦ પૈકી ૩૬ બેઠકો માટે ત્રણેય પક્ષો આશાવાદી

નવી દિલ્હી, તા. ૬

દિલ્હીમા વિધાન-સભાની ચૂંટણીમાં તમામ જગ્યાઓએ ત્રિકોણીય સ્પર્ધા થશે. ભાજપ, આમ આદમી પાર્ટી અને કોંગ્રેસની વચ્ચે સ્પર્ધા રહેશે.


ચૂંટણી પ્રચાર કરવા માટે રાજકીય પક્ષોને વધારે સમય મળનાર નથી જેથી તમામ પક્ષોને ટૂંકાગાળામાં પુરી તાકાત લગાવવી પડશે. ભારતીય જનતા પાર્ટીએ પહેલાથી જ ચૂંટણી પ્રચાર શરૂ કરી દીધો છે. હાલમાં કેટલાક રાજ્યોમાં અપેક્ષા મુજબ નબળા પરિણામ મળ્યા બાદ પાર્ટી પ્રમુખ અમિત શાહે આ વખતે દિલ્હીમાં ચૂંટણીની મુખ્ય જવાબદારી સંભાળી લીધી છે. તેઓ પ્રચાર માટે શરૂઆત કરી ચુક્યા છે. રવિવારના દિવસે જ અમિત શાહે કાર્યકરોમાં જુસ્સો વધારવા રેલી યોજી હતી. દિલ્હી વિધાનસભામાં બહુમતિ માટે કોઈ એક પાર્ટીને ૩૬ સીટોની જરૂર હોય છે. ૨૦૧૫માં વિધાનસભાની ચૂંટણી યોજાઈ ત્યારે કેજરીવાલે જોરદાર સપાટો બોલાવીને ૭૦ પૈકીની ૬૭ સીટો જીતીને ભાજપ અને કોંગ્રેસમાં સોપો પાડી દીધો હતો.

જો કે, ૨૦૧૯ લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ફરી એકવાર તમામ સાત સીટો પર કબજો જમાવીને પોતાની લોકપ્રિયતા પુરવાર કરી હતી.

# દિલ્હીમાં ભાજપ પાસે મુખ્યમંત્રી પદ માટે ચહેરો નથી : આપ

નવી દિલ્હી, તા. ૬

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત થયા બાદ ભારતીય જનતા પાર્ટી કોના ચહેરા ઉપર ચૂંટણી લડશે તેને લઈને અટકળોનો દોર શરૂ થઈ ગયો છે. મોદીના ચહેરા ઉપર ભારતીય જનતા પાર્ટી ચૂંટણી લડશે કે કેમ તેને લઈને પ્રશ્નો થઈ રહ્યા છે. ભારતીય જનતા પાર્ટી પોતાના અભિયાનમાં નાગરિક કાનૂનના મુદ્દાને ચગાવી રહી છે. કેજરીવાલે સીએએની સામે કોઈ નિવેદન કર્યું નથી. કોંગ્રેસ ઉપર ભાજપના પ્રહારો જારી રહ્યા છે. નાગરિક કાનૂન મતના ધ્રુવીકરણમાં ભૂમિકા અદા કરશે કે કેમ તેને લઈને પ્રશ્નો થઈ રહ્યા છે. અમિત શાહે ગઈકાલે જ કાર્યક્રમમાં કહ્યું હતું કે, પાર્ટી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રાજ્યમાં



ભાજપની સરકાર બનાવશે. એમ માનવામાં આવે છે કે, પાર્ટી કોઈપણ ચહેરા વગર ચૂંટણી મેદાનમાં ઉતરશે. એએપી ભારતીય જનતા પાર્ટીના મુખ્યમંત્રી પદના ઉમેદવાર જાહેર કરવા માટે પડકારો ફેંકી રહ્યા છે. નાગરિક સુધારા કાનૂન પર કેજરીવાલ સરકાર ખુબ સાવચેતીપૂર્વક આગળ વધી રહી છે. પાર્ટીને ભય છે કે, આનાથી ધ્રુવીકરણની સ્થિતિ સર્જાઈ શકે છે જેથી એએપી વિકાસના કામોને આગળ વધારવા આગળ આવી રહી છે. દરેક સપ્તાહમાં પોતાના રિપોર્ટ કાર્ડ રજૂ કરવામાં આવી રહ્યા છે.

સામે પક્ષે ભાજપે પણ કેજરીવાલ સરકાર ઉપર તીવ્ર પ્રહારો કરવાની શરૂઆત કરી છે.

# શેરબજાર કડડભુસ : ૭૮૮ પોઈન્ટનો કડાકો

મુંબઈ, તા. ૬

શેરબજારમાં આજે તીવ્ર વેચવાલીનું મોજુ ફરી વળ્યું હતું. ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલી કટોકટી વચ્ચે શેરબજાર પત્તાના મહેલની જેમ ધરાશાયી થતાં કારોબારીઓ હચમચી ઉઠ્યા હતા. મધ્યપૂર્વમાં તંગદિલીને લઈને ભારતીય કારોબારીઓ આજે હચમચી ઉઠ્યા હતા. વિશ્વના ત્રીજા સૌથી મોટા તેલ વપરાશકારમાં સપ્લાયને લઈને માઠી અસર થઈ શકે છે. આયાત બિલમાં પણ ઉલ્લેખનીય વધારો થઈ શકે છે. કારણ કે, ક્રૂડ ઓઈલની કિંમતમાં ઉલ્લેખનીય વધારો થવાથી આયાત બિલમાં વધારો થઈ શકે છે. બેંચમાર્ક એસએન્ડપી બીએસઈ સેંસેક્સ આજે ૪૧૦૦૦ની સપાટીથી નીચે પહોંચી ગયો હતો. સેંસેક્સે ૪૦૬૭૩.૬૩ની સપાટી મેળવી હતી. આજે કારોબારના અંતે સેંસેક્સ ૭૮૮ પોઈન્ટ ઘટીને બંધ રહ્યો હતો. ઈન્ટ્રા ડેના કારોબાર દરમિયાન એક વખતે સેંસેક્સે ૮૫૧ પોઈન્ટનો ઘટાડો નોંધાવતા છેલ્લા ચાર મહિનામાં એક દિવસમાં સૌથી મોટો ઘટાડો રહ્યો હતો. બે ટકાના ઘટાડા સાથે રોકાણકારોએ જંગી રકમ ગુમાવી હતી. ઈન્ડેક્સના લેવલમાં માત્ર બે શેર ટાઈટન અને પાવરગ્રીડમાં સુધારો થયો હતો. બાકીના તમામ ૨૮ શેરમાં તેજી રહી હતી. બજાજ ફાઈનાન્સ, એસબીઆઈ, મારુતિ સુઝુકીના શેરમાં સૌથી મોટો ઘટાડો રહ્યો હતો. એનએસઈમાં નિફ્ટી ૨૩૪ પોઈન્ટ અથવા તો ૧.૯૧ ટકા ઘટીને ૧૧૯૯૩ની સપાટીએ રહ્યો હતો. છેલ્લા છ મહિનામાં નિફ્ટીની સપાટી એક દિવસમાં સૌથી વધુ ઘટી છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઓપેક દેશોમાં સૌથી મોટા બીજા તેલ ઉત્પાદન કરતા દેશ ઈરાક ઉપર પ્રતિબંધ લાદવાની ધમકી બાદ તેલનો પુરવઠો ખોરવાઈ જવાની દહેશત દેખાઈ રહી છે. સાથે સાથે યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. ચાવીરુપ સેક્ટરલ ઈન્ડેક્સમાં તમામ ઈન્ડેક્સમાં આજે ઘટાડો રહ્યો હતો. નિફ્ટી પીએસયુ બેંક ઈન્ડેક્સમાં સૌથી મોટો ઘટાડો રહ્યો હતો. આ ઈન્ડેક્સમાં આશરે ચાર ટકાનો ઘટાડો રહ્યો હતો. ક્રૂડની કિંમતો ઉલ્લેખનીયરીતે વધી રહી છે. એવા અહેવાલ મળી રહ્યા છે કે, આગામી બજેટમાં પણ આ પ્રકારની સ્થિતિ વચ્ચે મોદી સરકારને મુશ્કેલી પડી શકે છે. પાંચ ફાઈનાન્સિયલ કંપનીઓમાં ૫૯૬૦૭ કરોડ રૂપિયાની માર્કેટ મૂડી આજે જતી રહી હતી. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૨.૩૩ ટકાનો ઘટાડો થતાં તેની સપાટી ૧૪૭૬૨ રહી હતી જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧.૯૬ ટકાનો ઘટાડો રહેતા ૧૩૭૧૫ની સપાટી રહી હતી. યુરોપિયન શેરબજારમાં પણ આજે આવી જ સ્થિતિ રહી હતી. કોમોડિટી માર્કેટમાં સોનાની કિંમતમાં તીવ્ર ઉછાળો રહ્યો હતો. વિદેશી મૂડીરોકાણકારોએ પ્રોફિટ બુકિંગ સાથે નવા વર્ષની શરૂઆત કરી છે.

### રોકાણકારોએ ૩ લાખ કરોડ ગુમાવ્યા

કારોબારીઓએ કલાકોના ગાળામાં જ ત્રણ લાખ કરોડ રૂપિયા ગુમાવી દીધા હતા. બીએસઈ લિસ્ટેડ શેરની માર્કેટ મૂડી ૨.૩૦ વાગ્યાની આસપાસ ૧૫૪ લાખ કરોડ નોંધાઈ હતી. શુક્રવારના અંતે બીએસઈ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ મૂડી ૧૫૭ લાખ કરોડ હતી. દરેક પાંચ શેર પૈકીના ચાર શેરમાં મંદી રહી હતી. ૨૨૯ શેરમાં મોટાભાગના શેર સ્મોલકેપમાં હતા જેમાં નિચલી સર્કિટ લિમિટ જોવા મળી હતી. પશ્ચિમ એશિયાના એકાઉન્ટમાં પણ અફડાતફડી રહી હતી. સેંસેક્સમાં આજે જોરદાર ઘટાડો રહ્યો હતો. અમેરિકા અને ઈરાન વચ્ચે જોરદાર કટોકટી અને યુદ્ધ ભણકારા વાગી રહ્યા છે ત્યારે શેરબજારમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ છે. ભારતમાં ક્રૂડ ઓઈલની કિંમતમાં વધારો થતાં તેલ આયાત બિલમાં જોરદાર વધારો થઈ શકે છે. ભારત વિશ્વના ત્રીજા સૌથી મોટા તેલ વપરાશકાર દેશ તરીકે છે. યુદ્ધની સ્થિતિમાં પુરવઠો ખોરવાઈ જવાની દહેશત પ્રવર્તી રહી છે. આવી સ્થિતિમાં અફડાતફડી અને અંધાધૂંધી હાલમાં જારી રહે તેવી શક્યતા દેખાઈ રહી છે.

# યુદ્ધના ભણકારા : ક્રૂડની કિંમતમાં ઝડપી વધારો

મુંબઈ, તા. ૬

શેરબજારમાં આજે જોરદાર કડાકો બોલી ગયો હતો. બીજી બાજુ કટોકટી વચ્ચે ક્રૂડની કિંમતમાં પણ ઉલ્લેખનીયરીતે વધારો થઈ રહ્યો છે. ક્રૂડ ઓઈલની કિંમતમાં વધારો થવાના કારણે આયાત બિલમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે. પુરવઠો ખોરવાઈ જવાની દહેશત ઉભી થઈ છે. બ્રેન્ટ ક્રૂડની કિંમત આજે બેરલદીઠ ૭૦.૪૫ સુધી પહોંચી ગઈ હતી તેમાં ઉલ્લેખનીય વધારો થયો હતો. આગામી દિવસોમાં કટોકટી વચ્ચે જો ક્રૂડની કિંમતમાં વધુ વધારો થશે તો ભારત માટે જટિલ સ્થિતિ થઈ શકે છે. પશ્ચિમ એશિયાને વિશ્વના સૌથી મોટા તેલ ઉત્પાદન વિસ્તાર તરીકે ગણવામાં આવે છે. ઈરાક ઓપેકના બ્લોકમાં બીજા સૌથી મોટા તેલ ઉત્પાદન દેશ તરીકે છે. અમેરિકાના હવાઈ હુમલામાં ઈરાનિયન જનરલ મેજર કાસીમ સુલેમાનીના મોત બાદથી યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. વળતા હુમલા કરવાની ઈરાને ધમકી આપી છે.

૨૦ ટકાની આસપાસ ક્રૂડ ઓઈલની કિંમતમાં નુકસાન થઈ શકે છે. સાથે સાથે ક્રૂડ ઓઈલની કિંમતમાં ૨૦ ટકાનો વધારો થઈ શકે છે. આ પ્રકારની સ્થિતિ ઉભી ન થાય તેવા પ્રયાસ થઈ રહ્યા છે પરંતુ જો ઈરાન અને અમેરિકા વચ્ચે કટોકટી વધશે તો કિંમતો ૭૫ ડોલરથી ઉપર પહોંચી શકે છે.

# બજેટમાં મધ્યમ વર્ગને રાહતો અપાશે

નવી દિલ્હી,તા. ૬

નાણાંપ્રધાન નિર્મલા સીતારામન પહેલી ફેબ્રુઆરીના દિવસે વચગાળાના બજેટ રજૂ કરવા જઈ રહ્યા છે. આ બજેટમાં કેટલાક લોકલક્ષી પગલા લેવામાં આવી શકે છે. બજેટમો મોદી સરકાર કરવેરા વ્યવસ્થાને વધારે લોકલક્ષી બનાવવા માટેની



જાહેરાત કરવામાં આવી શકે છે. મધ્યમ વર્ગની નારાજગી દુર કરવાના હેતુથી બજેટમાં આવકવેરા મુક્તિ મર્યાદાને વધારી દેવામાં આવી શકે છે. હાલમાં જે મુક્તિ મર્યાદા છે તેને કેટલા સુધી વધારી દેવામાં આવનાર છે તેની જાહેરાત કરવામાં આવી નથી પરંતુ ખુબ અસરકારક પગલા લેવાની તૈયારી ચાલી રહી છે. મળેલી માહિતી મુજબ પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના માટેની ફાળવણીમાં વધારો કરે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. પહેલી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરનાર છે. વર્ષ ૨૦૧૬ની શરૂઆતમાં લોંચ કરવામાં આવેલી અપગ્રેડેડ પાક વીમા સ્કીમ હેઠળ ખેડુતોને ખુબ ઓછુ પ્રિમિયમ ચુકવવુ પડે છે. સાથે સાથે પાકના નુકસાન બદલ ફુલ ક્લેઈમ મળે છે. સુત્રોના કહેવા મુજબ આ સ્કીમ માટેની ફાળવણીમાં જંગી વધારો કરવામાં આવી શકે છે. આ ફ્લેગશીપ સ્કીમ માટે આગામી નાણાંકીય વર્ષ માટે બજેટમાં જંગી ફાળવણીની માંગ કરવામાં આવી ચુકી છે. જો કે મંત્રાલય સ્કીમના મહત્વને ધ્યાનમાં લઈને નાણાં મંત્રાલય પાસેથી વધારે ફંડ મેળવે તેવી શક્યતા દેખાઈ રહી છે. અગાઉ સરકારે આ સ્કીમ માટે ૯૦.૦૦૭૫ અબજ રૂપિયા અથવા તો ૯૦૦૦.૭૫ કરોડ આપ્યા હતા. જો કે પુરક માંગ મારફતે ૧૭.૦૧ અબજ રૂપિયા અથવા તો ૧૭૦૧ કરોડ રૂપિયાની વધારાની જરૂરિયાત દર્શાવવામાં આવી હતી. બજેટને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. નિર્મલા સીતારામન બજેટ માટેની તૈયારીમાં વ્યસ્ત છે. જુદા જુદા વિભાગો સાથે વાતચીત ચાલી રહી છે. પોત પોતાની રજૂઆત તમામ દ્વારા કરવામાં આવી રહી છે. નિર્મલા સીતારામન હાલમાં આર્થિક મદી વચ્ચે સ્થિતિને હળવી કરવા માટે પ્રયાસ કરાઈ રહ્યા છે.

# ઉત્તર ભારત તીવ્ર ઠંડીના સકંજામાં

નવી દિલ્હી,તા. ૬

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીની સાથે સાથે તીવ્ર ધુમ્મસની ચાદર હાલમાં છવાયેલી છે. આના કારણે દિલ્હી અને એનસીઆરમાં લોકોની હાલત કફોડી બનેલી છે. દિલ્હી-એનસીઆરમાં સવારમાં તો પારો ગગડીને સાત ડિગ્રી સુધી નીચે પહોંચી ગયો હતો. ધુમ્મસના કારણે દિલ્હી-એનસીઆરમાં સવારમાં લોકોની હાલત કફોડી રહી હતી. દિલ્હીથી ચાલતી ૪૯ ટ્રેનો લેટ થઈ છે. જ્યારે ૧૮ ટ્રેનો રદ કરવામાં આવી છે. ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને હરિયાણામાં પણ લોકોની હાલત કફોડી બનેલી છે. ઉત્તર ભારતમાં શીત લહેર છે. બીજી બાજુ પહાડી વિસ્તારોમાં હિમવર્ષા થઈ રહી છે. કાશ્મીરમાં ગુલમર્ગ, પહેલગામ, હિમાચલપ્રદેશ અને ઉત્તરાખંડના કેટલાક ભાગોમાં પણ હિમવર્ષા થઈ છે. જમ્મુ કાશ્મીરના લેહ ખાતે લઘુતમ તાપમાન માઈનસ ૧૬.૪ ડિગ્રી નીચે પહોંચી ગયુ છે. ઉત્તર પ્રદેશમાં કાતિલ ઠંડીના કારણે ૮૫થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે. પૂર્વાંચલમાં ૨૨ના મોત થયા છે. જ્યારે બરેલી અને બ્રિજ ડિવિઝનમાં ત્રણ-ત્રણ લોકોના મોત



ધુમ્મસની ચાદરોમાં શહેરો ગરકાવ

## જમ્મુ કાશ્મીર, હિમાચલ તેમજ ઉત્તરાખંડના વિવિધ ભાગોમાં વરસાદ અને હિમવર્ષા : લેહ ખાતે પારો માઈનસ ૨૦ : રેલ અને વિમાની સેવા ખોરવાઈ

થયા છે. અલ્હાબાદ ડિવિઝનમાં ૧૧ના મોત થયા છે. બુંદેલખંડમાં ૨૮ના મોત થયા છે. ઓરિસ્સામાં પણ જનજીવન ખોરવાયેલું છે. કાશ્મીરમાં હજુ વર્ષા અને હિમવર્ષા થઈ રહી છે. આ મહિનાની શરૂઆતથી સતત છવાયેલા રહેલા ધુમ્મસના પગલે વાહન વ્યવહાર ઉપર તેની ગંભીર અસરો જોવા મળી છે. જમ્મુ કાશ્મીરમાં કાતિલ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. ઉત્તરપ્રદેશ અને પંજાબમાં ધુમ્મસની સૌથી ખરાબ અસર થઈ છે. વિમાની અને ટ્રેન સેવાને અસર થઈ છે. કેટલીક લાંબા અંતરની ટ્રેન પણ મોડેથી દોડી રહી છે.

ધુમ્મસના કારણે કેટલાક અકસ્માતો પણ થઈ રહ્યા છે. કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. ઠંડીથી હાલમાં કોઈ રાહત મળે તેવી શક્યતા ઓછી છે. પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને દિલ્હીમાં જનજીવન પર અસર થઈ છે. ધુમ્મસના કારણે વધારે ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે.

# જેએનયુ હિંસા : તોફાની તત્ત્વોની તપાસ કરાશે

નવી દિલ્હી,તા. ૬

દિલ્હીમાં જવાહર લાલ નહેરુ યુનિવર્સિટી ખાતે હિંસા થયા બાદ એક દિવસ પછી પણ વિસ્ફોટ્ક સ્થિતી પ્રવર્તી રહી છે. પોલીસ દ્વારા હિંસાના સંબંધમાં આખરે એફઆઈઆર દાખલ કરી છે.આ મામલે પોલીસે એક્શનમાં આવીને તોફાની શખ્સોને ઓળખી કાઢવા માટેની કવાયત હાથ ધરી છે. બીજી બાજુ દિલ્હીના જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં રવિવારના દિવસે થયેલી હિંસાના મામલામાં રાજનીતિ ગરમ બની ગઈ છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ આ ઘટનાક્રમની નિંદા કરીને તપાસની માંગ કરી છે. બીજી બાજુ ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી માયાવતી દ્વારા પણ હિંસાના મામલામાં ન્યાયિક તપાસની માંગ કરી છે. કોંગ્રેસ પાર્ટી અને ડાબેરીઓએ પણ કુદી પડીને કેન્દ્ર ઉપર પ્રહાર કર્યા છે. રવિવારના દિવસે હિંસા થયા બાદથી પોલીસ દ્વારા તોફાની શખ્સોને ઓળખી કાઢવા માટેની કવાયત હાથ ધરી છે. બીજી બાજુ કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહે આ સમગ્ર હિંસાના મામલે ગંભીર નોંધ લીધી છે. અમિત શાહે દિલ્હીના ઉપ રાજ્યપાલ અનિલ બેજલની સાથે ફોન પર વાતચીત કરી છે અને રિપોર્ટની માંગ કરી છે. બીજી બાજુ અમિત શાહે દિલ્હી પોલીસ કમીશનરની સાથે પણ વાતચીત કરી છે.

ROOP KALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225